મમ્મી-પપ્પા માફ કરજો હું જિંદગીથી કંટાળી ગઈ છું

પાઝ્ઝલ યુનિવર્સિટીની ફોરેન્સિક સાયન્સની ફર્સ્ટ યરની સ્ટુડન્ડનો હોટલમાં ગળાફાંસો ખાઈ આપઘાત

વડોદરા,તા.૨૫

શહેરના સયાજીગંજ વિસ્તારમાં આવેલી નામંકિત અદિતી હોટલમાં બિહારની ૨૨ વર્ષીય યુવતીએ ગળે ફાંસો ખાઇ જીવન ટૂંકાવી લીધું હતું. તેની ઓળખ પાઝ્ઝલ યુનિવર્સિટીની ફોરેન્સિક સાયન્સની પ્રથમ વર્ષની વિદ્યાર્થિનીના રૂમમાં થઈ છે. તેણે સુસાઈડ નોટમાં તેના માતાપિતાની માફી માગી છે અને લખ્યું છે કે, મમ્મી પપ્પા માફ કરજો હું જિંદગીથી કંટાળી ગઈ છું. સ્ટુડન્ટના આપઘાતને પગલે સયાજીગંજ પોલીસે હોટલના રૂમમાં તપાસ કરતા તેણે આપઘાત કરતા પહેલા એક સુસાઈડ નોટ લખી તેમ મળી આવી હતી.

સયાજીગંજ પીઆઈ એસ જી સોલંકીએ જણાવ્યું હતું કે, પાઝ્ઝલ યુનિવર્સિટીની ફોરેન્સિક સાયન્સની ફર્સ્ટ યરની સ્ટુડન્ટ સવારે જ હોસ્ટેલથી હોટલમાં આવી હતી. અહીં હોટલમાં તેણે રાત્રે પોતાના વતનની ટ્રેન પકડીને જવાની હોવાનું કહીને રોકાઈ હતી. જો કે તેના સંબંધીએ આવીને તેનો સંપર્ક કરતા ફોન ન ઉપાડતા હોટલ સ્ટાફે રૂમ ખોલતા તે મૃત હાલતમાં મળી હતી. તેની પાસેથી એક સુસાઈડ નોટ મળી છે જેમાં તેણે લખ્યું છે કે મમ્મી-પપ્પા માફ કરજો. તમે મને ખુશ રાખી છે પણ હું જિંદગીથી કંટાળી ગઈ છું. બનાવ અંગેની પ્રાથમિક માહિતી અનુસાર, સયાજીગંજ વિસ્તારમાં આવેલી અદિતી હોટલમાં આજે સવારે બિહારના મુઝફ્ફરપુરની વતની ૨૨ વર્ષીય સોનમ કુમારીએ રૂમ બુક કરાવી ચેક ઇન કર્યું હતું. હોટલના રૂમ નં-૨૦૨માં ગયા બાદ બપોરના સમયે સોનમને મળવા માટે તેના સગા આવ્યા હતા. જેથી રિસેપ્શન પરથી સોનમના રૂમમાં ફોન કરવામાં આવ્યો હતો. વારંવાર ફોન કરવા છતાં કોઇ જવાબ મળ્યો ન હતો. ત્યારબાદ સોનમના મોબાઇલ પર પણ સંપર્ક કરવામાં આવ્યો હતો. તેમ છતા કોઇ જવાબ મળ્યો ન હતો. જેથી હોટલના મેનેજર અને લેડીઝ સ્ટાફ રૂમની માસ્ટર કી લઇ પહોંચ્યા હતા.

હોટલના રૂમ પાસે પહોંચતા ટીવીનો જોર જોરથી અવાજ આવી સંભળાઇ રહ્યો હતો. જેથી રૂમનો દરવાજો માસ્ટર કી વડે ખોલતા સોનમ પંખા સાથે ગળે ફાંસો ખાધેલી હાલતમાં જોવા મળી હતી.

બનાવને પગલે હોટલના સ્ટાફ દ્વારા તાત્કાલીક આ મામલે પોલીસ કંટ્રોલરમૂને દાણ કરી હતી. જેથી સયાજીગંજ પોલીસનો સ્ટાફ ઘટના સ્થળે પહોંચ્યો હતો. જ્યાં રૂમમાં તપાસ કરતા ૨૨ વર્ષીય યુવતીએ આપઘાત કરતા પહેલા એક સુસાઇડ નોટ લખી હોવાનું જાણવા મળી રહ્યું છે. જે પોલીસે કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે.

વિબગ્યોર વડોદરા દ્વારા વિદ્યાર્થીઓને ભાવિ તૈયાર કરવા નવા વિષયો રજૂ કરાયા

કે-૧૨ સ્કૂલોની અગ્રણી ચેઈન વિબગ્યોર ગ્રુપ ઓફ સ્કૂલ્સે શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨થી આરંભ કરતાં વિબગ્યોર હાઈ, વડોદરા ખાતે સેકંડરી ગ્રેડ્સ માટે ત્રણ નવા વિષયો- આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, એપ્લાઈડ મેથ અને ઈન્ટરનેશનલ પ્રોજેક્ટ ક્વોલિફિકેશન (આઈપીક્યુ) રજૂ કરવાની ઘોષણા કરી છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સીબીએસઈ માટે ગ્રેડ ૯ના અભ્યાસક્રમમાં સમાવવામાં આવ્યું છે, એપ્લાઈડ મેથમેથિટ્સમાં ઈન્સ્ટ્રક્શન સીબીએસઈ કોમર્સ સ્ટ્રીમ અપનાવનારા ગ્રેડ ૧૧ના વિદ્યાર્થીઓને ઈમ્પાર્ટ કરાશે. આ વિષયો વિદ્યાર્થીઓને નવા યુગની કુશળતા આપવા માટે વિબગ્યોરની કટિબદ્ધતાની રેખામાં રજૂ કરાયા છે, જે વિદ્યાર્થીઓને આ અને અન્ય ઊભરતાં ક્ષેત્રોમાં કારકિર્દીમાં સફળ થવા માટે મદદરૂપ થશે. નવા વિષયો રજૂ કરવા પાછળના હેતુ વિશે બોલતાં પ્રિન્સિપાલ સૌરભ કુમાર ગુહાએ જણાવ્યું હતું કે આ નવા વિષયોની રજૂઆત સાથે અમે વૈશ્વિક સીમાચિહ્નની સમકક્ષ શિક્ષણ પૂરું પાડવાની અમારી કટિબદ્ધતાને અધોરેખિત કરીએ છીએ. દર વર્ષે અમે શીખવીએ અને ઉદ્યોગને જરૂર છે તેની વચ્ચે કોઈ અંતર હોય તે ઓળખવા અને તે અનુસાર ઉત્ક્રાંતિ પામતા સમય સાથે ખભેખભા મિલાવી રાખવા માટે અમારા અભ્યાસક્રમની ઊંડાણથી સમીક્ષા કરીએ છીએ. આ વર્ષે અમે એઆઈ, એપ્લાઈડ મેથ અને ઈન્ટરનેશનલ પ્રોજેક્ટ ક્વોલિફિકેશન રજૂ કરી રહ્યા છીએ, જે વિષયો ભવિષ્યના ગૂંચભર્યા વૈશ્વિક કાર્ય વાતાવરણમાં ઉપયોગી સાબિત થશે. સ્કૂલના સ્તરે તેમને રજૂ કરીને અમે ભાવિ સમસ્યાઓનો ઉકેલ લાવવા અને પ્રભાવશાળી નાવીન્યતા પ્રેરિત કરવા માટે આ કુશળતાઓનો ઉપયોગ કરવા માગતા વિદ્યાર્થીઓને ભણવાના મોરચે સરળીકરણ કરવા માગીએ છીએ. ૩ નવા વિષયો અલગ અલગ ક્ષેત્રોમાં કારકિર્દીની તકો શોધવા માટે વહેલી તક વિદ્યાર્થીઓને આપવા માટે રજૂ કર્યા છે. એપ્લાઈડ મેથમેટિક્સ આંતરશિસ્ત ક્ષેત્ર છે, જેમાં ગણિતને એન્જિનિયરિંગ, પર્યાવરણ વિજ્ઞાન, બાયોલોજી, કોમ્પ્યુટર સાયન્સ વગેરે સાથે જોડીને અસલ દુનિયાની સમસ્યા ઉકેલવા માગીએ છીએ. તે એનાલાઈટિક્સ અને ફોરકાસ્ટિંગ, ફાર્મસી, કોમ્યુનિકેશન્સ, એનર્જી સિસ્ટમ્સ અને ફાઈનાન્શિયલ સર્વિસીસ સહિત વિવિધ ક્ષેત્રોમાં અવકાશ ધરાવે છે. એઆઈ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ બિગ ડેટા, બિઝનેસ ઈન્ટેલિજન્સ, ડેટા સાયન્સ, રિસર્ચ વગેરેમાં કારકિર્દી અપનાવી શકે છે. આઈપીક્યુ પ્રોજેક્ટ આધારિત કોર્સ છે, જેનું લક્ષ્ય વિદ્યાર્થીઓને યુનિવર્સિટીઓ અને કંપનીઓ જેની તલાશમાં હોય છે તે સંશોધન, મૂલ્યાંકન, સિન્થેસિસ અને વિશ્લેષણ કુશળતાઓ વિકસાવવા મદદરૂપ થવાનું છે. આઈપીક્યુનું જ્ઞાન યુનિવર્સિટી અને નોકરીની અરજી દરમિયાન તેમને અનોખી તરી આવવામાં મદદ કરે છે. નવા વિષયો શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ માટે અભ્યાસક્રમનો ભાગ રહેશે. શિક્ષકો અને ઉદ્યોગના નિષ્ણાતો વિદ્યાર્થીઓને વિષયોના સિદ્ધાંતો સમજવામાં મદદ કરશે અને તેમને આ ક્ષેત્રોમાં ચ અભ્યાસ કરવા આવશ્યક જોશ સાથે પરિચિત કરશે.

ગાંધીનગરમાં વાહનચોરી અટકાવવા પોલીસ વિભાગનો નવતર પ્રયોગ : ચાલકને જાગૃત કરાશે

ગાંધીનગર,તા.૨૫

ગાંધીનગરના વિસ્તારોમાં વાહન ચોરી ના દુષણને ડામવા માટે સેકટર-૭ પોલીસ દ્વારા નવતર પ્રયોગ હાથ ધરવામાં આવ્યો છે. પોલીસ મથક ની હદ વિસ્તારમાં રેડ સ્પોટ ગણાતા વિસ્તારમાં સઘન સર્વેલન્સ હાથ ધરી બિનવારસી હાલતમાં લોક વિના પાર્ક કરેલા વાહનો શોધીને કબજે લેવામાં આવી રહ્યા છે. વાહનો પોલીસ મથકે લઈ આવ્યા પછી તેની ફરિયાદ માટે દોડી આવતા માલિકોને વાહનો જાહેર સ્થળે પાર્ક કરતી વખતે શું શું કાળજી રાખવી તેની તલસ્પર્શી જાણકારી આપીને બાઈક પરત પણ કરી દેવામાં આવે છે. ઉલ્લેખનીય છે કે ગાંધીનગર પોલીસનાં ધ્વારા વાહન માલીકોમાં લોકજાગૃતિ લાવવા માટેનો પ્રયાસ સફળ પણ થઈ રહ્યો છે ને લોકો જાગૃત પણ થઇ રહ્યા છે. ગાંધીનગરના પ્રજાજનો આડેધડ પાર્કિંગ કરીને ખરીદી કરવા જતાં રહે છે તેનાથી ટ્રાફિકની સ્થિતિ કથળે છે અને લોકો અટવાઈ જાય છે. ઘણા કિસ્સામાં વાહન ચાલકો ઉતાવળમાં વાહનને લોક મારવાનું પણ ભૂલી જતાં હોય છે. તેમજ ઘણાખરા જાણી જોઈને વાહન લોક કર્યા વિના પોતાનાં કામ અર્થે જતા રહેતાં હોય છે.

આ પરિસ્થિતિ નિવારવા માટે ગાંધીનગર સેકટર - ૭ પોલીસ ઈન્સ્પેક્ટર જે. એમ. સિંધવ ધ્વારા પોતાની હદ વિસ્તારમાં વાહન ચોરીનાં દૂષણ ને અટકાવવા માટે' રેડ સ્પોટ' વિસ્તારોમાંથી લોક વિનાના વાહનો શોધી કાઢી પોલીસ સ્ટેશન લાવવામાં આવી રહ્યા છે. જેથી વાહન માલિક પોતાનું વાહન ચોરાઈ ગયું હોવાનું માની પોલીસ સ્ટેશન દોડી આવતો હોય છે. ત્યારે આવા વાહનમાલિકોને ઉમળકાભેર આવકારીને જાહેર સ્થળોએ વાહન પાર્ક કરતી વખતે લેવાની રહેતી કાળજી વિશે તલસ્પર્શી માહિતી આપી જાગૃત કરવામાં આવે છે. બાદમાં વાહન માલિકને તેનું વાહન પરત પણ કરી દેવામાં આવે છે. આ અંગે સેકટર-૭ પોલીસ મથકના ઈન્સ્પેક્ટર જે. એમ. સિંધવ એ જણાવ્યું હતું કે વાહન ચોરીના આ દુષણને ડામવાના ભાગ રૂપે લોકોમાં જાગૃતા કેળવવા એક પ્રયાસ શરૂ કરવામાં આવ્યો છે. સિવિલ હોસ્પિટલ, એસટી ડેપો તેમજ સેક્ટર ૧૧ના કોમર્શિયલ વિસ્તારમાં સર્વેલન્સ ટીમ દ્વારા પાર્ક કરેલા વાહનો ચકાસવામાં આવી રહ્યા છે.

જે સ્થળોએ વાહન ચોરીની ફરિયાદ વધુ આવતી હોય તેવા સ્થળો રેડ સ્પોટ ઝોનમાં મૂકવામાં આવ્યા છે મોટાભાગે સો વાહનમાંથી પાંચ-સાત વાહનો લોક વિના મળી આવતા હોય છે. આવા વાહનો પોલીસ મથકે લઈ આવવામાં આવે છે. ત્યારે વાહન ચોરાયા હોવાનું માનીને વાહન માલિકો પોલીસ મથકે દોડી આવે છે. જેઓને આદર સત્કાર સાથે આવકારીને વાહન પાર્ક કરતી વખતે શું કાળજી રાખવી તે અંગે ઝીણવટ ભરી માહિતી પૂરી પાડવામાં આવી રહી છે ત્યારે વાહન માલિકો પણ પોતાની ભૂલ સહર્ષ સ્વીકારીને ભવિષ્યમાં લોક કર્યા વિનાના વાહનો જાહેર સ્થળોએ પાર્ક નહીં કરવાની બાહેધરી પણ આપીને પોલીસના નવતર અભિગમને આવકારી રહી છે. અત્યાર સુધીમાં વિવિધ સ્થળોએથી ૫૦ જેટલા વાહનો પોલીસ મથકે લાવવામાં આવ્યા હતા બાદમાં વાહન માલિકને વાહન પાર્કિંગની સમજણ આપીને તેમને વાહન પરત પણ કરી દેવામાં આવ્યા છે.

જાંબુવાની એક યુવતી ગુમ થઈ છે

વડોદરા, ૨૫

વડોદરાના જાંબુવાની રહીશ ૩૬ વર્ષીય જયશ્રીબેન રવિંદ્ર નાનાભાઈ કાપડ તા. ૧૮-૦૧ ના રોજ સવારે ૯:૦૦ કલાક પહેલા પોતાના ઘરેથી કહ્યા વગર ક્યાંક જતી રહી છે. ગુમ થનાર રંગે ઘઉંવર્ણી છે. તે શરીરે મધ્યમ બાંધાની છે તથા તેની ઉંચાઈ ૫ ફુટ છે. તેણે બદનમાં પંજાબી ડ્રેસ અને મરૂન સ્વેટર પહેર્યું છે. તે ગુજરાતી, મરાઠી અને હિન્દી ભાષા જાણે છે. તેમના સંબંધિત કોઈ જાણકારી મળ્યે મકરપુરા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવો.

વડોદરા મહાનગરપાલિકા દ્વારા આજે કોરોનાના ૪૪ પોઝીટીવ કેસ નોંધાયા

વડોદરા,તા.૨૫

વડોદરા મહાનગરપાલિકાએ જાહેર કરેલા આંકડાઓ પ્રમાણે, વડોદરા શહેર જિલ્લામાં કોરોનાના આજે વધુ ૪૪ પોઝિટિવ કેસ નોંધાયા છે. કેસનો કુલ આંક ૨૪,૫૬૮ ઉપર પહોંચી ગયો છે અને મૃત્યુઆંક ૨૪૧ થયો છે. વડોદરા શહેર જિલ્લામાં આજે વધુ ૪૪ દર્દીને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં કુલ ૨૩,૭૪૯ લોકો કોરોનાને માત આપી ચૂક્યા છે. વડોદરામાં હાલ ૫૭૮ એક્ટિવ કેસ પૈકી ૬૭ દર્દી ઓક્સિજન ઉપર અને ૨૬ દર્દી વેન્ટિલેટર ઉપર છે અને ૪૮૫ દર્દીની હાલત સ્થિર છે. વડોદરા ઝૂરલમાં સૌથી વધુ ૭૫૬૪ કેસ

વડોદરા શહેર જિલ્લામાં અત્યાર સુધીમાં કોરોનાના ૨૪,૫૬૮ પોઝિટિવ કેસ નોંધાયા છે. જે પૈકી પૂર્વ ઝોનમાં ૩૬૪૮, પશ્ચિમ ઝોનમાં ૪૦૩૬, ઉત્તર ઝોનમાં ૪૮૦૯, દક્ષિણ ઝોનમાં ૪૪૭૫, વડોદરા ગ્રામ્યમાં ૭૫૬૪ અને ૩૬ કેસ બહારના શહેર અને રાજ્યોના નોંધાયા છે. આ વિસ્તારમાં કોરોનાના નવા કેસો નોંધાયા શહેરઃ અકોટા, માંજલપુર, છાણી, આજવા રોડ, વાઘોડિયા રોડ, સમા, તાંદલજા, નવાપુરા, પાણીગેટ, માંડવી ગ્રામ્યઃ પોર, દશરથ, વાઘોડિયા, થુવાવી, કરજણ સાવલી

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ફરી ગુજરાતની મુલાકાતે : ૫ અને ૬ માર્ચે કેવડિયાના પ્રવાસે આવશે

(પ્રતિનિધિ)અમદાવાદ,તા.૨૫

વડાપ્રધાન નરેંદ્ર મોદી ફરી એકવાર ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. કેવડિયા સ્થિત ટેન્ટ સિટી ખાતે આગામી ૩થી ૬ માર્ચ દરમિયાન રાષ્ટ્રીય ડીજી કોન્ફરન્સ યોજાવાની છે. જેનો એક સૂચિત કાર્યક્રમ નક્કી થયો છે.

જે અનુસાર વડાપ્રધાન મોદી ૫ માર્ચે કેવડિયા આવશે અને રાત્રિ રોકાણ કર્યા બાદ બીજા દિવસે ૬ માર્ચના રોજ રાષ્ટ્રીય ડીજી કોન્ફરન્સના સમાપન સમારોહમાં હાજરી આપશે. વડાપ્રધાનની મુલાકાતને લઇને કેવડિયામાં પીએમના આગમનની તૈયારીઓનો ધમધમાટ શરૂ થયો છે.

મહત્વનું છે કે, આ રાષ્ટ્રીય ડીજી કોન્ફરન્સને લઈને ગત સમાહના દેશના આર્મી ચીફ મનોજ મુકુંદ નરવણે કેવડિયાની મુલાકાત લીધી હતી. હેલિકોપ્ટર દ્વારા સીધા કેવડિયા કોલોની હેલિકોપ્ટર ખાતે આવીને તેઓએ હેલિપેડથી સ્ટેચ્યૂ ઓફ યુનિટી વિસ્તાર વિસ્તાર જોઇને ટેન્ટ સિટી હોલ સહિતની તમામ જગ્યાનું નિદર્શન કર્યું હતું. કેવડિયા સ્થિત ટેન્ટ સિટી ખાતે રાષ્ટ્રીય ડીજી કોન્ફરન્સ યોજાશે. જેમાં ડિફેન્સની કોન્ફરન્સમાં દેશની અલગ અલગ સુરક્ષા એજન્સીઓના વડાઓ, પીએમ મોદી તેમજ દેશના સંરક્ષણ પ્રધાન રાજનાથસિંહ ઉપસ્થિત રહેશે.

રાષ્ટ્રીય ડીજી કોન્ફરન્સના પ્રારંભે ૩ તારીખે બપોર સુધી અધિકારીઓ આવી પહોંચશે અને સંરક્ષણ પ્રધાન, રાજ્ય કક્ષાના પ્રધાન અને ડિફેન્સના ઉચ્ચ અધિકારીઓ ટેન્ટ સિટી-૧ ખાતે રોકાણ કરશે. અને છેલ્લે સમાપન સમારોહમાં વડાપ્રધાન મોદી આવશે અને તેઓ પણ રાત્રિ રોકાણ કરશે. આ ૪ દિવસો દરમિયાન આ વિસ્તાર બિલકુલ બંધ કરી દેવામાં આવશે.

ટાટા મોટર્સે તેની આઈકોનિક ફ્લેગશિપ એસયુવી તદ્દન નવી સફારી લોન્ચ કરી

ભારતની અગ્રણી ઓટોમોટિવ બ્રાન્ડ ટાટા મોટર્સે આજે તેમની પ્રીમિયમ ફ્લેગશિપ એસયુવી તદ્દન નવી સફારી લોન્ચ કરી છે. મોહક ડિઝાઇન, અજોડ વર્સેટિલિટી, સુંવાળી અને આરામદાયક આંતરિક સજ્જા અને સફારીનું શક્તિશાળી પ્રદર્શન નવા યુગના એસયુવી ગ્રાહકો અને પ્રતિષ્ઠા તેમજ અભિજાત્યપણાના ઉત્તમ જોડાણ માટેની તેમની ઇચ્છાની અભિવ્યક્તિ અને રોમાંચ સહિત સંપૂર્ણ રીતે આધુનિક, બહુઆયામી જીવનશૈલીની પૂર્તિ કરે છે. નવી સફારી હવે તમારી નજીકની ટાટા મોટર્સ ડીલરશીપ પર ખરીદી માટે ઉપલબ્ધ છે. ૬/૭ સીટર માટે રૂા. ૧૪.૬૯ લાખની શરૂઆતી કિંમતે એડવેન્ચર પર્સોના એક વિશિષ્ટ ટ્રોપિકલ મીસ્ટ રંગમાં ઉપલબ્ધ હશે. જે આપણા દેશભરના જીવંત લેન્ડસ્કેપ્સમાં સામેલ સમૃદ્ધ અને વૈવિધ્યસભર પ્રકૃતિથી પ્રેરિત છે. નવી સફારીના લોકાર્પણ પર બોલતા ટાટા મોટર્સના એમડી અને સીઇઓ ગુએન્ટર બુટસેકે કહ્યું કે, અમારા નવા ફ્લેગશીપ તરીકે સફારી અમારા સમજદાર અને વિકસિત એસયુવી ગ્રાહકોની આકાંક્ષાઓને જોડે છે. તે ૨૦૨૦માં શરૂ થયેલી કાર અને એસયુવીની ન્યૂફોરએવર રેન્જમાં ટોચનું સ્થાન ધરાવે છે અને ટાટા મોટર્સના વ્યૂહાત્મક પરિવર્તન માટે બીજો એક સીમાચિન્હ છે. નવી સફારી એ અમારા ઝડપથી વિકસતા માર્કેટ સેગમેન્ટમાં હાજરી વધારવાના જણાવેલ ઉદ્દેશનું પ્રભાવશાળી સમર્થન છે. તેની અપવાદરૂપ બિલ્ડ ગુણવત્તા અને પ્રીમિયમ ફિનિશ, પાવર અને પ્રદર્શન બ્રાન્ડના આઇકોનિક વારસાને વધારશે અને ન્યુ ફોરેવર શ્રેણીના મુખ્ય લક્ષણોને વિસ્તૃત કરશે. જે છે સલામતી, શૈલી, ડ્રાઇવબિલિટી અને શ્રેણીમાં શ્રેષ્ઠ સુવિધાઓ અમે સફારીને ભારતના માર્ગો પર ફરીથી અગ્રણી બનાવીશું. ટાટા મોટર્સના પેસેન્જર વ્હિકલ્સ બિઝનેસ યુનિટના પ્રમુખ શૈલેષ ચંદ્રાએ જણાવ્યું હતું કે સફારીએ ભારતને અસયુવી જીવનશૈલી સાથે પરિચય કરાવ્યો અને તેના સમકાલીન અવતારમાં નવી સફારી આજના એસયુવી ગ્રાહકની મલ્ટિફેસ્ટેડ જીવનશૈલી સાથે સુમેળ છે. તેના સમૃદ્ધ ઇન્ટીરીયર્સ, અત્યાધુનિક કનેક્ટિવીટી અને પ્રીમીયમની સુવિધાઓ સાથે સફારી ફક્ત તેમાં ભળી જ નથી પણ જીવનશૈલીના ભાગોને વધુ ઉંચે લઇ જાય છે. એડવેન્ચર પર્સોનાની રજૂઆત સાથે હવે ગ્રાહકો પાસે એવી સફારીને પસંદ કરવાની વધુ પસંદગી છે જે તેમના વ્યક્તિત્વને પૂરક હોય અને રીફલેમ યોર લાઇફ.

બોર્ડની પરીક્ષાની તારીખ જાહેર કરાઈ વિદ્યાર્થીઓની હાજરી સાથે પરીક્ષાઓ લેવાશે

ગાંધીનગર,તા.૨૫

ગુજરાત શિક્ષણ બોર્ડે ધો.૯થી ૧૨માં પ્રથમ પરીક્ષા અને ધો.૯ અને ૧૧માં વાર્ષિક પરીક્ષાની તારીખો જાહેર કરી છે. જે મજુબ ધો.૯થી૧૨માં ૧૯મી માર્ચથી પ્રથમ સત્ર પરીક્ષા શરૂ થશે અને ૭ જુનથી ધો.૯ અને ૧૧માં વાર્ષિક પરીક્ષા લેવાશે. કોરોનાની સ્થિતિ સુધરતા સરકારે ૧૧ જાન્યુઆરીથી રાજ્યમાં ધોરણ ૧૦-૧૨ની અને ત્યારબાદ ધો.૯ અને ૧૧ની સ્કૂલો વિદ્યાર્થીઓની હાજરી સાથે રેગ્યુલર શરૂ કરી છે.

હવે સ્કૂલોમાં જ વિદ્યાર્થીઓની હાજરી સાથે પરીક્ષાઓ પણ લેવાશે. ધોરણ ૯થી ૧૨ની પ્રથમ પરીક્ષા ૧૯થી ૨૭ માર્ચ દરમિયાન યોજાશે અને વાર્ષિક પરીક્ષા ૭ જૂનથી ૧૫મી જૂન વચ્ચે યોજાશે. સ્કૂલોએ પોતાની રીતે પ્રથમ સત્ર અને વાર્ષિક પરીક્ષા લેવાની રહેશે. બોર્ડ દ્વારા ધો.૯થી૧૨માં ૩૦ ટકા અભ્યાસક્રમ ઘટાડી દેવાયો છે ત્યારે સ્કૂલો બોર્ડ દ્વારા જાહેર કરાયેલા ૭૦ ટકા અભ્યાસક્રમ મુજબ અને નવા પ્રશ્નપત્ર પરિરૂપ મુજબ પરીક્ષા લેવાની રહેશે. ચાલુ શૈક્ષણિક વર્ષે બીજા સત્રની પરીક્ષા નહી લેવાય. આ વર્ષે બીજા સત્રની પરીક્ષા જ થનાર ન હોવાથી માત્ર પ્રથમ પરીક્ષાના પરિણામમાંથી આંતરિક મુલ્યાંકનના ગુણ સ્કૂલોએ મુકવાના રહેશે.

ચૂંટણી પ્રચાર દરમિયાન ભાન ભૂલ્યા

છોટાઉદેપુરના ભાજપના ધારાસભ્ય : અનાજ મળ્યુ છે તમે ખાધુ છે એટલે ઋણ ચુકવવું પડશે

છોટાઉદેપુર,તા.૨૫

છોટાઉદેપુરના ભાજપ ધારાસભ્ય અભેસિંહગ તડવી ચૂંટણી પ્રચાર દરમિયાન ભાન ભૂલ્યા હતા. સભામાં હાજર લોકોએ સવાલ પૂછતા ધારાસભ્ય રોષે ભરાયા હતા. આવાસ વિશે સવાલ પૂછ્યો તો સવાલ પૂછનારને તગડી મૂક્યો હતો. ત્યારે મતદારોને ખખડાવતા ભાજપના ધારાસભ્યનો એક વીડિયો સોશિયલ મીડિયા વીડિયો વાયરલ થયો છે. રાજ્યની ૬ મહાનગરપાલિકાની ચૂંટણીમાં ભાજપની જીત થઈ છે. ત્યારે ૨૮ ફેબ્રુઆરીના યોજનાર જિલ્લા અને તાલુકા પંચાયત તેમજ નગરપાલિકાની ચૂંટણીઓને લઈને ઉમેદવારો જોરશોરથી પ્રચાર કરી રહ્યા છે.

એવામાં છોટાઉદેપુરના હરિપુરા ગામમાં પ્રચાર દરમિયાન સંખેડાના ભાજપ ધારાસભ્ય અભેસિંહ તડવી ભાન ભૂલ્યા હતા અને મતદારોને ખકડાવતા ભાજપના ધારાસભ્યનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. અભેસિંહ તડવીના પ્રચાર દરમિયાન સભામાં હાજર લોકોમાંથી એક વ્યક્તિએ જ્યારે આવાસ વિશે સવાલ પૂછ્યો ત્યારે ધારાસભ્યએ રોષે ભારાઈ સવાલ પૂછનારને તગેડી મુક્યો હતો. વાયરલ વીડિયોમાં ભાજપના ધારાસભ્ય અભેસિંહ તડવી મતદારને ખખડાવતા કહ્યું કે, બંધ, શાંતિ રાખ, કોઈના કહ્યા પર ચડી નહીં જવાનું.

સમજ પડે છે ને જે બોલું છે એ, તો પછી. બધું કામ થશે ભાઈ. બંધ થા, તું જા અહીંથી, ખોટી વાત શું કરે છે ભાઈ, તમારા આવાસો માટે બધું કહ્યું છે. જો જો, હું આવીશ, આ ગામમાં આવીશ, મત મળશે, અનાજ મળ્યું છે, તમે ખાધું છે, એટલે ઋણ ચૂકવવું પડશે, તમને જે યોગ્ય લાગે એ કરજો, મત નહીં મળે તો મને ફેર પડવાનો નથી. સમજો.. હું સાચી વાત કરું છું. અમે કામ કરીને બેઠા છીએ. સરકાર રૂપિયા અને લોન આપે છે. ધારાસભ્ય પણ રૂપિયા આપે છે.

જમીન પચાવી પાડવા બદલ

નવા લેન્ડ ગ્રેબીંગ એક્ટ અંતર્ગક એક સાથે ત્રણ ફરિયાદ નોંધાતા ભૂમાફિયાઓમાં ફફડાટ

દાહોદ,તા.૨૫

જમીન પચાવી પાડવાના કિસ્સાઓને ડામવા માટે રાજ્ય સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવેલા લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ દાહોદ જિલ્લામાં એક જ સાથે ત્રણ ફરિયાદો નોંધાતા ભૂ માફિયાઓમાં ફફડાટ ફેલાઇ ગયો છે. જિલ્લા કલેક્ટર વિજય ખરાડીની અધ્યક્ષતા વાળી લેન્ડ ગ્રેબિંગ કમિટિ દ્વારા જારી કરાયેલી સૂચના બાદ આ ફરિયાદો દાખલ કરવામાં આવી હતી.

પ્રથમ ફરિયાદ દાહોદના ટાઉન પોલીસ સ્ટેશનમાં તા. ૨૨ના રોજ અનવરખાન મહમ્મદખાન પઠાણ દ્વારા નોંધાવવામાં આવી છે. તેની ફરિયાદ એવી છે કે, અહીંના કરબ્બા વિસ્તારમાં ઊર્દૂ શાળા પાસે રહેતા પાંચ શખ્સો દ્વારા કસરતના સાધનો મૂકી તથા દરવાજા મૂકી દબાવી પાડી છે.

બીજી ફરિયાદ ચાકલિયા પોલીસ સ્ટેશનમાં ઝાલોદ તાલુકાના શારદા ગામના નિશાળ ફળિયામાં રહેતા ૬૨ વર્ષીય મતાભાઇ ધનાભાઇ મેડાએ નોંધાવી છે. આ એફઆરઆઇ મુજબ ફરિયાદીના પિતા ધનાભાઇ નિશાળ ફળિયામાં તેમના સસરાને ત્યાં ઘરજમાઇ તરીકે રહેતા હતા. માતા જીથુડીબેનને તેમના પિતાના વારસાઇમાંથી એક હેક્ટર જમીન મળી હતી.

આ જમીનમાં જીથુડીબેનના સીધી લીટીના વારસદાર તરીકે ફરિયાદીને આ જમીન પ્રાપ્ત થઇ હતી. પરંતુ, આ જમીનમાં ફરિયાદીના કૌટુંબિક મામાના ચાર દીકરાઓને મકાન બનાવી પચાવી પાડવા બદલ ફરિયાદ નોંધાઇ છે. ત્રીજા રાવ સુરતના ઓલપાડ ખાતે રહેતા અનિલકુમાર નટવટલાલ દેવડાએ નોંધાવી છે. તેમણે એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, તેમનું મકાન તેમના કાકા અને તેના પુત્રો મળી કુલ નવ આરોપીઓને પચાવી પાડ્યાનું જણાવ્યું છે. દાહોદ પોલીસે આ ફરિયાદો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

દાહોદ જિલ્લામાં લેન્ડ ગ્રેબીંગના કાયદા હેઠળ એક સાથે ત્રણ ફરિયાદ નોંધાતા ભૂમાફિયાઓમાં ભારે ફફડાટ જોવા મળી રહ્યો છે. જિલ્લા કલેક્ટર દ્વારા કરવામાં આવેલી કડક કાર્યવાહીને પગલે હવે ગુનેનારો આ પ્રકારનો ગુનો આચરતા પહેલા વિચાર કરશે.

INEOS STYROLUTION

ઇનીઓસ સ્ટાયરોલ્યુશન ઇન્ડિયા લિમિટેડ

રજીસ્ટર્ડ ઓફિસ : પમો માળ, ઓહ્મ હાઉસ - II, ઓહ્મ બિઝનેસ પાર્ક, સુભાનપુરા, વડોદરા - ૩૯૦ ૦૨૩, ગુજરાત.
CIN: L25200GJ1973PLC002436
ફોન : +૯૧ ૨૫૫ ૨૩૦૩૨૦૧ / ૦૨ ફેક્સ : +૯૧ ૨૫૫ ૨૩૦૩૨૦૩
E mail : INSTY.secshare@ineos.com | **Website :** www.ineosstyrolutionindia.com

નોટીસ
ઇન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેકશન ફંડ (IEPF) સસ્પેન્સ એકાઉન્ટમાં કંપનીના ઇક્વિટી શેર્સના ટ્રાન્સફર માટે

આથી નોટીસ આપવામાં આવે છે કે સમયાંતરે સુધારેલ, કોર્પોરેટ કાર્ય મંત્રાલય દ્વારા સૂચિત થતા ઇન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેકશન ફંડ ઓથોરીટી (એકાઉન્ટિંગ, ઓડિટ, ટ્રાન્સફર અને રિફંડ) નિયમો, ૨૦૧૬ ("નિયમો") અન્વયે કંપની અધિનિયમ, ૨૦૧૩ ("અધિનિયમ") ની કલમ ૧૨૪ ની જોગવાઇઓ મુજબ, કંપનીના ઇક્વિટી શેરો કે જેના પર ડિવિડન્ડ ચૂકવવામાં નથી આવ્યું અથવા સતત સાત વર્ષ અથવા તેથી વધુ વર્ષ માટે કલેમ કરવામાં નથી આવ્યો તેવા શેરો કંપની દ્વારા ઇન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેકશન ફન્ડ (આઇઇપીએફ) સસ્પેન્સ એકાઉન્ટ માં ટ્રાન્સફર કરવા જરૂરી છે.

નિયમોમાં જણાવાયેલી વિવિધ જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને, યોગ્ય પગલાં લેવા માટે, કંપનીએ લેટર દ્વારા શેર હોલ્ડરોને માહિતી વિષે જાણ કરી હતી, કે જેમના શેર ઉક્ત નિયમો હેઠળ આઇઇપીએફ સસ્પેન્સ એકાઉન્ટમાં ટ્રાન્સફર કરવા માટે પાત્ર છે.

કંપનીની વેબસાઇટ www.ineosstyrolutionindia.com પર આવા શેરહોલ્ડરો અને આઇઇપીએફ સસ્પેન્સ એકાઉન્ટમાં ટ્રાન્સ